# વ્હેલ ને
# પૂંછડી થી પકડો



એડવર્ડ રિક્કીયુટી

ચિત્ર : જેફ્રી મોસ

# વ્હેલ ને પૂંછડી થી પકડો



એડવર્ડ રિક્કીયુટી
ચિત્ર : જેફ્રી મોસ

## પ્રકરણ 1

રોબર્ટ નામનો સફેદ વ્હેલ માછલીઘર માં રહે છે. એ ઠંડા સમુદ્રી જળ થી ભરેલી  એક મોટી ટાંકી માં એકલો તરે છે.

ક્યારેક-ક્યારેક એ સપાટી પર તરે છે.
ક્યારેક-ક્યારેક એ એની પીઠ પર આળોટે છે
અને એની પૂંછડી હલાવે છે.





ક્યારેક-ક્યારેક રોબર્ટ એક કાંકરા સાથે રમે
છે. એ નાના કાંકરા ને મોઢા થી ઉપાડે છે.
પછી એ એને છોડી દેય છે અને ધીરે-ધીરે
ડૂબતા કાંકરા નો પીછો કરે છે.

જયારે એ નીચે જાય છે ત્યારે રોબર્ટ એક
વિશાળ શક્કરિયા જેવો ઢીલો અને
લબડેલો લાગે છે.



પણ જયારે એ શ્વાસ લેવા માટે ઉપર
આવે છે, ત્યારે રોબર્ટ એક સબમરીન જેવો
લાગે છે - પાતળો અને સુંવાળો.





વ્હેલ માછલી નથી હોતી.

માછલી પાણી ની અંદર શ્વાસ લઈ શકે છે.

પણ વ્હેલ એવું નથી કરી સકતી.

વ્હેલ સસ્તન પ્રાણી છે.

સસ્તન પ્રાણીઓને શ્વાસ લેવા માટે હવા ની જરૂર હોય છે.

રોબર્ટ એના માથા પર સ્થિત બ્લો-હોલ થી શ્વાસ લેય છે.

જયારે એ પાણી ની નીચે જાય છે, તો એ એનું બ્લો-હોલ બંધ કરી દેય છે.

એ પાણી ની અંદર એનો શ્વાસ રોકી રાખે છે.

રોબર્ટ ને જોવા ઘણા લોકો માછલીઘર આવે છે.

ક્યારેક રોબર્ટ પણ લોકો નું અવલોકન કરતો હોય છે.

આ માણસ માછલીઘર નો વ્યવસ્થાપક (ક્યુરેટર) કહેવાય છે.


એ માછલીઘર માં બધા જાનવરો ની દેખભાળ કરે છે.

જયારે લોકો રોબર્ટ ને જુએ છે, તો ક્યુરેટર ને સારું લાગે છે.

ક્યુરેટર ના સહાયકો ને માછલીઘર ના રખેવાળ કહેવાય છે.

ક્યુરેટર અને રખેવાળ રોબર્ટ ને ઉત્તર માં સ્થિત સમુદ્ર માં થી પકડી ને લાવ્યા હતા.





રોબર્ટ એક સફેદ વ્હેલ છે.

એ વ્હેલો માં સૌથી મોટો નથી.

સૌથી મોટી વ્હેલ બ્લૂ વ્હેલ હોય છે.

એ કોઈ પણ અન્ય જાનવર થી મોટી હોય છે.

એ હાથી ના આખા ઝૂંડ જેટલી મોટી હોય છે.

સફેદ વ્હેલ નું વજન એક નાના હાથી જેટલું
પણ નથી હોતું.

એટલે સફેદ વ્હેલ નો આકાર માછલીઘર માટે
તદ્દન યોગ્ય છે.

સફેદ વ્હેલ માછલી અને સ્ક્વિડ ખાય છે.

ક્યારેક-ક્યારેક એ નદીઓ માં માછલીઓ નો પીછો કરે છે.

ઉત્તર માં રહેવાવાળા  લોકો સફેદ વ્હેલ ને "સમુદ્રી કેનેરી" કહે છે.

એ એટલા માટે કે વ્હેલ "ગાય" છે.

એ પાણી ની નીચે બહુ અવાજ કરે છે.

એ તરે ત્યારે ચીસો પાડે છે અને હૂટ કરે છે.

વૈજ્ઞાનિકો એ જાણવાનું ચાહે છે કે વ્હેલ અવાજો કેમ કરે છે.

એ માછલીઘર માં રોબર્ટ ને સાંભળવા માટે આવે છે.

પણ રોબર્ટ ક્યારેક જ ચીસો પાડે છે કે હૂટ કરે છે.



"રોબર્ટ ની શું સમસ્યા છે?" ક્યુરેટર પૂછે છે.

"કદાચ એને એનો ઉત્તરી સમુદ્ર યાદ આવે છે."

"પણ અહીં એની પાસે એનો પોતાનો નાનો સમુદ્ર છે," રખેવાળ પીટે કહ્યું.

"એની પાસે ખાવા માટે ઘણી માછલીઓ પણ છે. એની પાસે જોવા માટે લોકો પણ છે. શું રોબર્ટ ને એકલું લાગે છે?" રખેવાળ પીટે પૂછ્યું.

"કદાચ તારી વાત સાચી છે," ક્યુરેટરે કહ્યું.

"આપણે રોબર્ટ માટે એક મિત્ર ને લાવવા માટે ઉત્તર તરફ જવું જોઈએ."

## પ્રકરણ 2

ઉત્તર તરફ વિમાન સફર કરતા બે દિવસ લાગે. ત્યાં સફેદ વ્હેલ રહે છે.

ક્યુરેટર અને રખેવાળોએ ત્યાં પહોંચ્યા પછી નદી પાસે એના તંબુ તાણ્યા.

ત્યાં સફેદ વ્હેલ માછલીઓ નો શિકાર કરે છે.

ઉત્તર માં આમ તો ઉનાળો છે, પણ ત્યાં ઉનાળા માં પણ ઠંડક હોય છે.





તંબુ બાંધતા રખેવાળોએ આપસ માં વાતો કરી અને મજાક કરી.

આવતી કાલ નો દિવસ એમના માટે મુશ્કેલ હશે, પણ એ લોકોને ચિંતા ન હતી.

ખડકાળ કિનારા પર મોજા ટકરાઈને ઘુઘવાટ કરે છે.

સમુદ્ર ના પક્ષીઓ સમુદ્ર ના સીકર પર ઉડે છે અને નાની માછલીઓને પકડે છે.

સવારે સરસ હવા ચાલી રહી હોય છે.

હવે એ લોકો ને સફેદ વ્હેલ શોધવાની છે.

ક્યુરેટર એક વિમાન નો ઉપયોગ કરે છે.

થોડી વાર પછી પાયલોટે બૂમ પાડી : "નીચે જુઓ!"




ક્યુરેટર ને સમુદ્ર માં ઘણી વ્હેલ દેખાઈ દીધી.

એ નદી તરફ જઈ રહી હતી.

કેટલીક ઉછળી રહી હતી.

કેટલીક ડૂબકી મારી રહી હતી.

કેટલીક માછલી પકડી રહી હતી.



ક્યુરેટરે મોટી, નર વ્હેલ જોઈ.


એને બુલ કહેવામાં આવે છે.


એણે માદા વ્હેલ પણ જોઇ.

એને કાઉ કહેવાય છે.

એણે થોડી યુવા વ્હેલ પણ જોઇ.

એને કાફ (વાછડા) કહેવાય છે.





વાછડા ભૂખરા રંગ ના હોય છે.

જન્મ વખતે એનો રંગ વરસાદી આકાશ જેવો હોય છે.

જેમ-જેમ એ મોટા થાય છે તેમ-તેમ એનો રંગ હલ્કો થતો જાય છે.

પાંચ વર્ષ નું આયુષ્ય થતા સુધીમાં એનો રંગ ગોરો થઈ જાય છે.

ક્યુરેટર એક વ્હેલ ને પકડવા ચાહે છે જેની ઉમર લગભગ પાંચ વર્ષ ની છે.

એ એક માદા વ્હેલ ઈચ્છે છે જે રોબર્ટ થી નાની હોય.





ક્યુરેટર અને રખેવાળ તંબુ માં પહોંચે છે.

ઠંડા પાણી માં ગરમ રહેવા એ રબર નો સૂટ પહેરે છે.

ત્યાંના સ્થાનીય એસ્કિમો અને ઇન્ડિયન્સ પણ વ્હેલ ને પકડવામાં એની મદદ કરે છે.

એ પોતાની નાવડી સાથે લાવ્યા છે.

"ચાલો જઇયે!" ક્યુરેટર બૂમ પાડે છે.

"ચાલો!"

ઘર્રર! મોટર ચાલુ થાય છે.

હોડી સમુદ્ર માં આગળ વધે છે.

સમુદ્રી પક્ષી ઉડીને વિખરાઈ જાય છે.

લોકો હસે છે અને એક-બીજા ને સાદ પાડે છે.

સફેદ વ્હેલ ને સૌથી પહેલા કોણ પકડશે?



એ લોકો પોતાની હોડી નદી ના મુખ તરફ
લઈ જાય છે.

એ ઢોર ને ચરાવવાવાળા કાઉબોય ની જેમ
વ્હેલ નો પીછો કરે છે.

સફેદ વ્હેલ ઘૂમે અને ફરે છે.

એ હોડીઓ થી દૂર જવા ચાહે છે.

પણ માણસો એને છીછરા પાણીમાં જવા
મજબૂર કરે છે.

વ્હેલ ત્યાં ડૂબકી નથી મારી સકતી.

એને માટે તરવું મુશ્કેલ થઈ જાય છે.





ક્યુરેટર એક વ્હેલ ને પાણી ઉડાડતા જુએ છે.

એ તુરંત એની હોડી માં થી કૂદે છે.

મોજા એના ઘૂંટણ સુધી જ આવે છે.

રખેવાળો પણ પોત-પોતાની હોડી માં થી કૂદી પડે છે.

ઇન્ડિયન્સ અને એસ્કિમો પણ એમજ કરે છે.





માણસો એ વ્હેલ ની પૂંછડી પકડી લેય છે.

વ્હેલ ને તરવા માટે એની પૂંછડી જરૂરી છે.

જો માણસો વ્હેલ ની પૂંછડી ને કસી ને પકડી રાખે, તો વ્હેલ દૂર ન જઈ શકે.

વ્હેલ ને પકડવા માટે મજબૂત સ્નાયુઓ જોઈએ.

માણસો વ્હેલ ને પોતાની પૂરી તાકાત થી પકડી રાખે છે.

વ્હેલ ખેંચવાનો અને આંચકા મારવાનો પ્રયાસ કરે છે.

એની ત્વચા બહુ કોમળ અને ચીકણી હોય છે.

થોડીવાર માં માણસો વ્હેલ જેટલા જ ભીના થઈ જાય છે.

રબર ના સૂટ પહેરવા માટે તેઓ ખુશ છે.

થોડા લોકો વ્હેલ ની નીચે એક સ્ટ્રેચર સરકાવે છે.

"ઉઠાવો!" ક્યુરેટર બૂમ પાડે છે.

વ્હેલ ને ઉઠાવવા માટે આઠ માણસો લાગે છે.

વ્હેલ નું વજન લગભગ એ આઠે માણસો જેટલું છે.

બધા એક-સાથે મળીને કામ કરે છે અને વ્હેલ ને હોડી માં નાખે છે.

વ્હેલ ને વાગતું નથી કારણકે એ એક નરમ રબર ની ચટાઈ પર પડે છે.





ક્યુરેટર વ્હેલ ને નજીક થી જુએ છે.

એ એક ગાય છે.

એ લગભગ આખી સફેદ છે.

એ રોબર્ટ માટે અનુકૂળ વય ની છે.

"શું એની ઉંમર માઁ બનવાની છે?" એક રખેવાળ પીટ ને પૂછે છે.

"લગભગ," ક્યુરેટર કહે છે.

ક્યુરેટર હસે છે અને વ્હેલ નું માથું થપથપાવે છે.

"આપણે એને શું નામ થી બોલાવીશું?" એ રખેવાળો ને પૂછે છે.

"એ રોબર્ટ સાથે રહેશે. એટલે આપણે એને રોબર્ટા કહીને બોલાવીશું."

"સ્નોર્ર્ટ. બ્રાકક," રોબર્ટા એના બ્લો-હોલ માં થી અવાજ સાથે જવાબ આપતી હોય એવું લાગે છે.

## પ્રકરણ 3

રોબર્ટા પ્લેન માં માછલીઘર સુધી ની સવારી કરે છે.

એને રાખવાના ખોખા માં નીચે અને કિનારી પર એક નરમ રબર ની ચટાઈ પાથરેલી છે.

ખોખા માં થોડું પાણી પણ છે.

રોબર્ટા ને લાંબી યાત્રા દરમ્યાન ભીની રાખવી પડે.



ક્યુરેટર રોબર્ટા પર એક બાલદી પાણી નાખે છે.

એ ધ્યાન રાખે છે કે પાણી એના બ્લો-હોલ માં ન જાય.

એ પાણી, સમુદ્ર ના બર્ફીલા પાણી જેટલું ઠંડુ હોવું જોઈએ.

ક્યુરેટર કોથળા ભરીને બરફ ના ટુકડા ખોખા માં નાખે છે.

પાયલોટ વિમાન નું હીટર બંધ કરી દેય છે.

ક્યુરેટર ઠંડી થી ધ્રૂજે છે.

બધા ને બહુ ઠંડી લાગે છે.

પણ રોબર્ટા માટે એ યોગ્ય તાપમાન છે.

ઘણા કલાકો પછી વિમાન ઘરે પહોંચે છે.

રોબર્ટા એરપોર્ટ થી માછલીઘર ની સવારી એક ટ્રક માં કરે છે.

રખેવાળો સાવધાની થી કામ કરે છે.

એ રોબર્ટા ની નીચે એક ઝોળી સરકાવે છે.

એક ક્રેન એને ઉઠાવે છે.

એક રખેવાળ એને સુરક્ષિત રાખવા ઝોળી માં સવારી કરે છે.

નીચે વ્હેલ માટે મોટું પાણીનું જળાશય છે.



બે બીજા રખેવાળો પાણી માં રાહ જુએ છે.


એ રોબર્ટા ને સ્ટ્રેચર માં થી બહાર તરવામાં
મદદ કરે છે.

એ એને એના નવા ઘર માં ફેરવે છે.

રોબર્ટા વિમાન ની લાંબી સવારી થી થોડી થાકી
ગઈ છે.

એ ચારે બાજુ જુએ છે.

પછી એ પાણીમાં તરવા લાગે છે.





રોબર્ટા જળાશય ના અડધા રસ્તા સુધી જ પહોંચી શકે છે.

કારણકે વચમાં એક વાડ છે.

વાડ ની બીજી બાજુ કોઈ છે.

એ વાડ માં થી બધું જુએ છે.

એ રોબર્ટ છે.





થોડી વાર સુધી રોબર્ટ ફક્ત જોયા કરે છે.

પછી એ ઘૂમે છે અને એની પૂંછડી થી પાણી ને વલોવે છે.

શું એ દેખાડો કરે છે?

રોબર્ટા વાડ ની નજીક તરતી-તરતી આવે છે.

રોબર્ટ પણ એ જ કરે છે.

રોબર્ટ એના જડબા થી અવાજ કરે છે.

"કલેક-કલેક."

"વ્હીઈઈઈ," રોબર્ટા અવાજ કરે છે.

"સ્કવીલલલલ," રોબર્ટ અવાજ કરે છે.

વૈજ્ઞાનિક ફરી માછલીઘર માં આવે છે.

એ ભેગા થાય છે.


એ આશ્ચર્ય થી વિચારે છે કે એ અવાજો નો અર્થ શું હશે.


એનો જે પણ અર્થ હોય, પણ રોબર્ટ બહુ અવાજ કરી રહ્યો છે.

ટૂંક સમય માં રોબર્ટ અને રોબર્ટા એક-બીજા ને જાણવા લાગશે.

રખેવાળો વાડ ને હટાવી લેશે.

રોબર્ટ અને રોબર્ટા એક સાથે રમવા લાગશે.





થોડા સમય માં માછલીઘર ના મોટા
જળાશય માં એક નાની બેબી-વ્હેલ
પણ હોઈ શકે છે.

# સફેદ વ્હેલ વિષે

સફેદ વ્હેલ ને બેલુગા પણ કહેવામાં આવે છે. સફેદ વ્હેલ સમગ્ર આર્કટિક સમુદ્ર માં રહે છે. એ ઘણી વાર દક્ષિણ કેનેડા માં જોવા મળે છે. ક્યારેક-ક્યારેક એ  ઉત્તરી અમેરિકા ના દરિયાકાંઠા ના કિનારે પણ દેખાય છે.

ઘણા વર્ષો થી, ન્યૂયોર્ક માછલીઘરમાં સફેદ વ્હેલો નું પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.